AUSTIVE NOTES

ON

THE STAR OF INDIA READERS
BOOK III.

With Gujarati equivalents and Explanation.

KARSANDAS NARANDAS BOOK-SELLER
Nanavat—SURAT.

Price Six Annas.

6315

THE STAR OF INDIA.

READERS NO. III.

LESSON 1.

Sunlight સૂર્યનો પ્રકાશ, તડકો અજવાળું, The light of the sun. (compare-moonlight, starlight, lamplight.

From a clear sky ખુલ્લા આકાશનાં-માંથી.

To keep close to the ledge રસ્તાની બાજુએ રેહેવું-ચાલવું To be near the side of the road. (to keep is used intransitively).

Shaded them તેમના પર છાંયડો કર્યો, Sheltered them, protected them.

It cannot bend itself over the trees ઝાડો પરથી વળીને તે આવી શકતું નથી. It cannot fall on the trees and then come down.

Shàdow છાંયડો, છાયા.

It does=it makes. (Here *does* stands for another verb *makes* and therefore *do* is called a pro-verb) Mark it is not *proverb* but pro-verb.

It is cool શીતળ લાગે છે It is pleasantly cold.

Besides શીવાય ઉપરાંત. Beside પાસે as, He stood *beside* me. He has five books *besides* these. (તેની પાસે કેટલી ચોપડીઓ હતી ?)

Warmth ગરમી, heat. (Form nouns by adding 'th' to adjectives).

Animals (fr. L. *anima* = life) Living beings, પ્રાણીઓ.

You may know તમારે જાણવું. Plants like the sun છોડવાઓને તડકો ગમે છે.

Have noticed = જોયું છે. Have seen.

Veranda ઓટલો, પરશાળ, વરંડો, The open raised portion in front of a house.

Towards the outside બહારની બાજુએ On the side away from the house.

On the side nearest the light=the side where the light is, અજવાળા તરફની બાજુએ.

Notice અવલોકન કરવું, ધારીને જોવું. To observe, to see carefully.

From off the grass ઘાસ ઉપરથી.

Here, boys જુઓ, છોકરાઓ Look, boys.

Had been hidden ઢંકાયલું હતું Had been covered, screened

Blades ઘાસની પાંદડી. The blade of a knife ચપ્પુનું પાનું.

Feeble નબળા અશક્ત, Weak. (Make a noun and a verb from 'feeble').

Saying કેહણી કહેવત A proverb.

The doctor must = the doctor must enter.

It is because તેને લીધેજ It is on account of.

Disease વ્યાધી બીમારી Illness, sickness.

Plague મરકી a kind of bad fever, pastilence.

Let in અંદર આવવા દેવું To allow to come in. opp. to let out.

Purify સ્વચ્છ કરે છે make pure mark 'fy' is a verbalising suffix, that is, a suffix, which when added to a word makes it a verb; as, beauty, beautify.

Europeans (યુરપીઅન્સ, put the accent on *pe*) યુરપના રેહેવાસી, અંગ્રેજો, સાહેબ લોકો. Mark, Asia–Asiatics, Africa-Africans, America–Americans.

So એવી રીતે In such a way.

To keep out અટકાવવું To stop.
Are over પુરે થાય, જતો રેહે Are gone.

LESSON 2.

Bats ચામાચીડીઉ A small mouse-like animal with skinny wings.
Growing dark અંધારૂં થતું હોય. Getting dark.
Creature પ્રાણી Living,-being.
Hides સંતાઇ રેહે છે. Keeps in dark places. Here *hides* is used *intransitively*.
Dusk ઝળઝળું, ઝઝકળું. Twilight.
Insect (ઇન્સેક્ટ) જીવડું. A small flying animal.
Feeds = Lives upon.
Common સાધારણ. General L. *con*, *munis* gift.
Saying કેહવત. Proverb. Maxim.
Are dazzled આંખ અંજાઇ જાય છે, આંખે ઝાંઝવાં વળે છે, Are blind.
We need આપણને જોઇએ We require.
Tiny ઘણા નાના Very small.
Caves ગુફા, બખોળ, ખો Hollows,
Aollow trees બખોળવાળાં ઝાડ, ઝાડના પોલાણ, Trees with holes.
Corners = ખુણા, Nooks.
Ruined houses ભાગેલા ઘર, ખંડેર, Houses that have fallen down
Hanging by their feet ઉંધે મસ્તકે લટકતાં Hanging with their heads down.
Bunches ઝુમખાં ઝુંડ, Numbers. As if જાણે.
Frozen up ઠરી ગયલાં. Chilled.

Rapidly ઝડપથી Quickly.

Amusement ગમત, મઝા, Play, fun.

Are looking for શોધમાં હોય છે Are in search of.

Closely ધારીને; ધ્યાનથી Attentively.

Fore paws આગલા પંજા Fore feet.

Had grown into wings વધીને પાંખ બન્યા છે Had grown and become wings.

Many times as large as its body તેના શરીર કરતા ઘણીજ મોહટી Very much larger than its body.

Are afraid of થી બીહે છે. Mark *afraid* is an adj. not a verb *Afraid, alive asleep* are always used predicatively. that is, after the verb.

Harmless=નીરપરાધી Innocent.

It is because તે કારણને લીધે It is on that account.

Vampire લોહી ચુસનાર વાગોળ A very large bat which sucks blood of animals.

Sucks ચુસે છે To draw by the mouth.

Victim ભોગ a person sufferring harm. *L. vinco* I conquer

Fixes વળગે છે Sticks.

Fans પંખો કરે છે. પવન નાંખે છે, Blows.

Attacks હુમલો કરે છે Assaults L. *ad, tango* I touch.

From loss of blood લોહી જવાથી By losing blood.

Flying fox વાગોળ, વનવાગળું. A big bat.

Family વર્ગ, Class.

Measures નુ માપ થાય છે Is of the size.

Across પોહોળાઇએ એક છેડેથી બીજે છેડે From one end to the other in breadth.

Mischievous (મિસ્ચિવસ) નુકસાન કરનાર Harmful, L. *mis, caput* the head.

Clusters ઝુડા bunches.

LFSSON 3.

Rags ચીથરૂ ફાટાં તુટાં કપડાં Old worn-out cloth.
Strange વિચિત્ર Odd.
History વૃતાંત Description.
Coarse ખડબડચુ' Rough.
Cotton is picked રૂને વીણે છે Is taken out.
Seed-pod જીંડવું-શીંગ.
Calico માદરપાટ Coarse cotton cloth.
Mills ચરખો; કારખાનું Factory.
Fibres રેશા; તાંતણા Fine threads.
Linen શણનું કપડું Cloth made of flax.
Stalks થડ, થડીયું, Stems.
Flax plant શણનો છોડ.
Form રૂપ Shape.
Cast aside કોરે મુકવું, ફેંકી દેવુ' Throw away.
Once-more ફરીથી Again.
Of course અલબત, એતો નકી જાણવું, No doubt, to be sure.
Sorted જૂદા પાડવા; વર્ગ પાડવા To separate.
Pick-out વીણી કહાડવા To choose out.
Paper mills કાગળ બનાવાના કારખાના Factories where paper is made.
They are passed through માં થઇને પસાર થાય છે Are made to go through.
Machine યંત્ર Contrivance to make cloth, paper &c.
Dashes ફેંકે છે, અફાળે છે. Flings violently
Beats much of the dust out કુટીને, ખાંડીને ધુળ કહાડે છે, Takes out the dust by beating.
A good boiling પાણીમાં ખુબ ઉકાળવાથી By boiling them in hot water.

Lime ચુનો Soda સોડાખાર, both are a kind of minerals.
Grease ચીકણો પદાર્થ, ચીકણાસ Oily matter, fatty substance.
Teeth દાંતા, Cutting blades,
Paste શાહી જેવો પદાર્થ, માવો, ગુંદો A soft substance.
Pulp ગુંદો, માવો, Soft material of which paper is made.
Making into paper તેના કાગળબનાવવાં, Making paper of it.
Tray તબક, કથરોટ, થાળી, A flat broad vessel.
Fine thread ઝીણા તાર Wire.
Drains નીકળી જાય છે, ગળી પડે છે, Dozes out, filters.
Layer પડ Sheet.
Felt એક જાતનું ઉનનું કપડું A kind of woolen cloth.
Rough ખડબચડું Not smooth.
Blotting paper શાહી ચૂસનાર કાગળ Paper used to dry ink.
It is dipped તેને બોળે છે It is put in.
Size ચીકણો રસ, ખેળ. A glue like substance.
Glue સરેશ, a sticky substance. adj from *glue* are *gluey* or *gluish*.
Glossy ચકચકીત Highly polished.
Rollers વેલણ, લાટ, રોલર Cylinders.
Newspapers વર્તમાનપત્રો Papers which tell news.
Reel ફીરકી A round thing on which thread is wound.
To reel ફીરકીપર લપેટવું.
Light હલકી Not heavy.
Tanks ટાંકીઓ Cisterns.
Cars ગાડીઓ Carriages.
Chiefly મુખ્યત્વે કરીને Particularly L. *caput* the head.
Framework ચોકઠું, ખોખું Structure.
Shutters ફરેડી, ઢાંકણ, કમાડ, Cover Screen.
Partitions પડદા પરદા, Screens.
Semi-transparent અર્ધપારદર્શક that is through which one can

see but not clearly.

Earthquakes ધરતીકંપ Trembling of the earth.

Japaneseજાપાનના લોક People of Japan–Compare Portuguese Japanese, Burmese.

Shake down હલાવીને પાડી નાખે છે Put down by shaking.

There are great fires મોહટી આગ લાગે છે, Great–fires break out.

Lanterns ફાનસ, Lamps.

Stoves ચૂલા Fire places.

Ruins here means things that have fallen down ભાંગી નીચે પડેલી વસ્તુઓ.

LESSON 4.

Princess રાજકુવરી, કુંવરી, શાહજાદી. Daughter of a King.

Try living રેહવાને યત્ન કરવો, રહી જોવું To see how they could live.

Jungle=વેરાણ. Forest.

Happily સુખમાં. In a happy manner.

Palace રાજમેહેલ, રાજમંદિર, The mansion of a King.

Halls દીવાનખાના, મોહટા ઓરડા, Big rooms.

Was looking for ની શોધ કરતી હતી Went in search of.

Jackal શિયાળ A big fox.

Oh, please do! અરે ભાઇ મદદ કરની, Please help me.

To look for શોધવું To search.

Foot marks પગલા Footprints.

At once તરત Without loss of time.

Scrap કટકો. A piece, a bit.

Pearls મોતી round brilliant drops formed in the bodies of

certain kinds of oysters.

I must leave you હવે મારે જવું જોઇએ. I must go.

Put on = પ્હેર્યું Wore.

Come to where = Come to the place where.

You had better make yourself તમે પોતે બનો તો સારૂં It would be better if you change your shape.

Ugly કદરૂપું, બેડોળ, બદસુરત Not good to look at, deformed.

Silk one=silk robe. One is an indefinite demonstrative pronoun and is often used for a previously mentioned noun, as, I had an old coat, he had a new one.

She thanked the Jackal શિયાળનો તેણે ઉપકાર માન્યો She said to the Jackal that she was obliged to him.

Marble આરસપાહાણ, સંગેમરમર White shiny stone,

Lotus કમળનું ફુલ. Water lily.

Floating સપાટીપર તરતાં Lying on the surface.

Beyond the tank તળાવને પેલે પાર. On the other side of the pond.

No one was about કોઇ બહાર ફરતું ન હતું No one had stirred out of the house.

Lovely સુંદર, ખુબસુરત, Beautiful.

Started ચમકી ઉઠી. Stepped back in alarm.

Why, you look like Sita અરે, તું તો સીતા જેવી દેખાયછે *Why* here is not an adverb but is a mere expletive and means *I am sure, no doubt &c.*

The Star of the palace મેહેલનો તારો, મેહેલની શોભા The most lovely woman in the palace. (What Queen was called the light of the world?)

Later પાછળથી, પછી. After.

LESSON 5.

Ring વીંટી. (Give the Guj; names for ear-ring, nose-ring finger-ring.)

The East=Asia, The West=Europe.

Western Languages યૂરપની ભાષાઓ,

Eastern Languagss એશિયાની ભાષાઓ.

A King in the East એશિયાના કોઇ દેશનો રાજા A king of a country in Asia.

Was in need ની જરૂર હતી, જોઇતો હતો Wanted.

Plan યુક્તિ A project.

He let it be known in the city શેહેરમાં જાહેર કર્યું Proclaimed it in the city.

Wages મજુરી, મુસારો, રોજ, Hire, pay for a day's work. **Mark** it is plural in from but singular in use, as, the wages of sin *is* death.

Strange વિચિત્ર unusual.

Bucket ડોલ, A vessel for drawing water.

Ran through વહી જાય Flowed.

The use of the work is the King's business, not ours આ કામનો શો ઉપયોગ, શો અર્થ, જાણવું આપણું કામ નથી, એતો રાજાનું કામ છે. It is not for us, but for the king to say of what use this work is.

It is making a fool of one એતો આપણને મુર્ખ બનાવવા જેવું છે. It is befooling us,

Found to his great surprise જોઇને આશ્ચર્ય પામ્યો. was surprised to find.

Before the well was dry=before it was emptied.

You have obeyed me મારી આજ્ઞા પાળી છે. you have done as I bid you. Noun from *obey* is *obedience* and adj. is *obedient.*

Keep it as your own તારી પાસે રાખ. Keep it with you.

LESSON 6.

Roots મૂળ, મૂળિયાં, જડ The part of a plant or tree which is underground.

What is the matter with them તેમને શું થયું છે, What is wrong with them.

Why is not an *adv.* here but it is an *explative.*

Starve ભૂખે મરવું, ભૂખે મારવું To cause death by hunger.

It is no wonder એમાં આશ્ચર્ય જેવું કશું નથી Here is nothing strange in it.

Starving them! શું તેમને હું ભૂખે મારૂં છું! Am I starving them.

Water the ground જમીનમાં પાણી સીંચવું To wet the ground with water.

Would have helped themselves to food પોતાની મેળે ખોરાક મેળવી લેત Would have got their food by their own effort

Moist ભીની wet.

A plant can help itself (to food) છોડ પોતાનો ખોરાક પોતેજ મેળવી શકે છે. A plant gets its food by its own effort.

That is તેનું કારણ એજ છે It is for this purpose.

What its roots are for તેને શા માટે મૂળિયાં હોય છે Why it has got roots.

Plant-foods છોડવાનો ખોરાક Food for plants.

Drink ચૂસે છે Suck, take in,

Pull up ખેંચી કહાડવું, ઉખેડવું, Draw out.

Moisture ભિનાશ Watery matter.

Tiny નાના, નાનકડાં Very small.

Stem થડ trunk, stalk.
Choose પસંદ કરવું to seleot.
That is why એજ કારણથી Therefore, on that acoount.
Take in ચૂસે છે suek up.
Fibres રેષા Threads, rootlets.
Fibrous રેષાવાળું.
Carrot ગાજર a kind of vegetable.
Tap ચીપનો દાટો. a plug જાડું કંદ જેવું મૂળિયું Thick root.
Fleshy part જાડો ભાગ The thick part.
For food ખોરાક તરીકે As food.
Seeds બી, બીજ, બીયાં Little round things from wbich trees and plants grow.
Feed upon ભક્ષ કરે છે, Eat up.
Good for food ખાવામાં સારૂં Good eating. Mark–it is good eating.
Grumble બડબડવું To complain.

LFSSON 7.

Stork સારસ A large wading bird.
Crane બગલું A wading bird smaller than a stork.
Marsh છાછરૂં તળાવ. પાણી ભરાઇ રહે એવી જગ્યા A shallow pond, a swamp.
Quiet. શાન્ત, અબોલો, Silent.
Lively ચાલાક. ખબરદાર Brisk, active.
Never thought very muoh વિચાર કરતો નહિ. અવિચારી હતો. બેદરકાર હતો. Was careless.
Hop કૂદવું To skip, jump.
Enjoy himself આનંદમાં રેહેતો, મોજ માનતો, To be happy.

Pray is often nsed in asking a question or making a request. It stands alone with the subject *I* understood.

Pray મને મેહેરબાની કરી કહેશો, જરા મને કહેશો,

After a long pause બહુવાર થોભીને Stopping for a long time.

Gravely ગંભીરાઈથી Slowly; solemnly.

I do not=I do not stand on one leg.

Humble નમ્ર Not proud.

Meek સાલસ, અસીલ Gentle.

I feel certain મારી ખાત્રી છે I am sure.

Run a race દોડવાની શરત રમવી.

Race શરત a contest of two persons running,

To race દોડવું To run.

Invite નોતરૂં દેવું To call.

Course રસ્તો.

Race course શરત દોડવાનો રસ્તો The road over which the persons run.

Would not agree ના કહી Would not consent.

To start the race શરત દોડાવવી; દોડવાને કેહેવું To tell the racers to run.

Goose હંસ, Swan રાજહંસ. a bird like duck. but much bigger.

Judge ન્યાયાધિશ, ચુકાદો આપનાર One who was to decide.

Policeman ચોકી કરનાર, પોલીસનો સીપાહી A guard.

Excitement આવેશ, ખળભળાટ, Stirred up feelings, agitation.

At full speed પૂર વેગે. પોતાથી બને તેટલી ઝડપથી As fast as they could run.

Kept so એમજ રહ્યા, કોઇ આગલ નહિ ને કોઇ પાછળ નહિ. Neither going ahead.

On they went તેઓ દોડયાજ ગયા They ran forward.

Striving મથવું trying hard.

Get in front આગળ નિકળવું To go ahead.

They were hoarse તેમનુ ગળું બેસી ગયું, તેઓથી બુમ પડાઈ નહિ. They could no longer shout.

Just at the end છેક છેડે આવતાં Coming to the end of the course.

Won by three yards ત્રણવાર આગળ નીકળી ગયો, ત્રણવારે જીત્યા. Got in front by three yards.

He had made so sure તેને પૂરી ખાત્રી હતી, સો વસા આશા હતી. He was quite certain.

Beaten હાર્યો Defeated, outrun,

In the sight of his friends તેના મિત્રોના દેખતાં While his friends looked on.

Boasts શેખી, લડાઇ, Bragging

After all his boasts આટલી બડાઇ માર્યા પછી.

It was so hard to be beaten હાર્યાથી તેને બહુજ લાગ્યું He felt his defeat so keenly, he could not bear to be beaten.

However આટલું છતાં After what had happened.

After a little થોડો વખત ગયા પછી After a short time.

LESSON 8.

Stems થડ stalk of a flower.

Putting ખોસતા, ઉભી કરતા Setting up.

I see મને લાગે છે. I think'

Is meant નો અર્થ થાય છે. The meaning is

Bears leaves and flowers જેના પર પાંદડાં તથા ફુલો આવે છે. On which leaves and flowers grow.

Bud દીટું જેમાંથી ડાળો ફુટે છે. કળી That part of the stem which grow into branchs.

Sending stems along the ground જમીનપર પોતાના થડને લંબાવવા.

Putting forth their stems.

Mistake such stems for roots આવા થડને ભૂલથી મૂળ ધારો Think that such stems are roots.

Creeper વેલો A plant that climbs up the wall or hedge.

Climbing ચઢેછે. Going up·

They are taking root તેમના મૂળ લાગે છે They are fixing their roots.

What you think is a root જેને તમે મૂળીયું ધારો છો That which you mistake for a root,

Underground ભોંયની નીચે ઉગતુ Growing below the ground.

That is because એનું કારણ એ છે કે The reason of it is.

Hidden from the sun-light તેને સૂર્યનો તડકો લાગ્યો નથી it was out of the light.

Swollen into strange shapes ઉપસીને વિચિત્ર આકાર ધારણ કર્યો છે grown big and round and look very strange.

Tubers કંદ, કંદમુળનો ગાંઠો a round and thick root, a knob-like root.

Swelling ગોળગાંઠ A knob.

Jurnip સલગમ a round fleshy vegetable.

Stepped ચાલીને ગયો walked. *Across the path, along the path.* what is the difierence between the two.

Onions કાંદા A kind of vegetable.

Layers પડ Folds.

Peeled છોલવું, છાલ ઉતારવી, Strip ofi the skin.

Bulb ગાંઠો, ડુંગળી A round root.

Upright ઉભું સીધું' Straight up.

Tendrils કુમળી ડાંખલી, તંતુ, Thread like shoots on the stem of a creeper.

Are jointed સાંધાવાળા, ગાંઠવાળા Having joints.

Sugar-cane શેરડી.

Bamboo વાંસ.
Pith ગર, માવો, The soft substauce in a stem.
Mango tree આંબો. Palm tree ખજુરી
Notice જુઓ; ધ્યાનમાં લો Mark.
Towards the top ઉપર જતાં; મથાળે જતાં, A it goes up.
With the same thickness from one end to the other એક છેડેથી બીજા છેડા લગી સરખું જાડું As thick at one end as at the other.
Why is that એમ શા કારણથી, એ શાથી, Why is it so.
Rings of new wood નવા લાકડાની કડીઓ, ચકરડાં Round pieces of wood.
Almost aliko લગભગ એક સરખી રીતે, In the same way,

LESSON 9.

Hopping કુદતા Skipping. Mark *Hop+ing=Hopping hope+ing*=hoping.
Harsh કઠોર Not sweet.
Looking for શોધતા Searching.
Cunning લુચ્ચો Clever in a bad sense, crafty.
Dreadful thief જબરો ચોર A great thief.
To run off with લઈને નાહાસી જવું. To take away,
Meat માંસ, ગોસ્ત, flesh, (બકરાં ઘેટાંનું માંસ Mutton ગાય બળદનુ beef, ડુક્કરનુ pork, હરણનુ venison).
Rascals લુચ્ચાઓ, હરામખોરો Rogues.
Seemed to say કેહેતા હોય એમ જણાયાં It appeared as if they said.
Flick જરી ફફડાવવું Flutter.
Warning ચેતાવનાર, ખબર આપનાર Informing.

Peck ચાંચ મારી To pick with the beak.

Growled ઘુરકયો Made guttural sound to show anger.

Not they તેઓ કંઇ બીધા નહી they were not afraid.

We want our dinner અમને તો ભોજન જોઈએ છે, We want that thing to eat.

Crept up ધીમેથી પાસે ગયો Went close to him slowly.

With a sudden push એકદમ ધસીને Making a dash at. rushing up suddenly.

Managed to tear off તોડી લેવાની યુકિત કરી, એવું કર્યું કે તોડી શકયો Contrived to snatch.

Chattering ગડબડ, કાકા, બકબકાટ, કલ્લોલ, A deal of noise.

They meant to have it તે લેવાને તેઓએ નિશ્ચય કર્યો ગમે તેમ કરીને તે લેવાનો ઠરાવ કીધો હતો. They made up their minds to get it.

Next બીજું શું, હવે પછી શું, After that.

They made up their minds તેઓ નિશ્ચય કર્યો They determined.

Getting close પાસે આવવું Comming close.

In front of આગળ Before.

As if to say જાણે એમ કહેતો હોય As much as to say.

Greedy લોભી Desirous to get more.

He deserved to lose it all જો તે બધું ખોય તો તે તે ખોટને યોગ્યજ હતો He was well served if he lost all.

Snapped એકદમ બચકું ભરવું To seize or bite atonce.

Thank you તમારો ઉપકાર થયો Much obliged to you.

Pounced તરાપ મારી પકડવું To fall upon and seize.

Beak ચાંચ Bill Mark–a sparow has a bill, but the crow, the kite have beaks.

Feast જમણ, ઉજાણી Good meal.

Every now and then થોડે થોડે વખતે At intervals.

Mock at મશ્કરી કરવી, to laugh at, to make fun of.

LESSON 10.

Habits ટેવ, આદત, વલણ, Ways of acting. L. *habeo* I have.

Borrow ઉછીનું લેવું, ઉધાર લેવું To ask the loan of.

Had been struck with પર અસર થઇ; ચકિત થયો, છક થયો. Was much impressed.

Polite સભ્ય; લાયકીવાળી Civil, Refine.

Pleasant આનંદકારી ખુશનુમા Gay, Cheerful. L. *placeo*, I please.

Manners રીત, રીતભાત Ways.

Notice ધ્યાનથી Mark. observe.

Proud મગરૂર Thinking highly of himself.

Gentle નમ્ર Meak L. *gentilis* gentle.

To form a habit ટેવ પાડવી To acquire a habit.

Rough કઠોર; અસભ્ય Harsh.

Alter ફેરવવું: સુધારવું Improve, reform.

Habits are easy to make ટેવ સેહેલથી પડે છે One can form a habit easily.

To break a habit ટેવને ભાંગવી To get a habit.

Dusty ધુળવાળો Covered with dust.

The sun heat fiercely સૂર્યનો આકરો ભુકો પડતો હતો, સુરજ તપી રહ્યો હતો The sun was very hot.

Parched સુકાઇ ગયા Dried.

Weary થાકી ગયા Tired.

So much = very much.

Suddenly એકાએક Unexpectedly.

A little way થોડે દુર A short distance

Hastened ઝટપથી ગયો Went quickly, ran.

Base તળીયું, તળેટી Bottom.

Cave ગુફા, L. *cavus* hollows Cavern; A hollow place under-[ground.

With a sigh of pleasure હાસ ! કરીને. Feeling a great relief.
Just about to enter અંદર પેસવા જતો હતો. Was going to enter.
When એટલામાં, Just at that moment,
Spinning wheel રેંટીઓ A machine to spin cotton, flax etc.
Spin કાંતવું p. tense *Spun* or *Span*.
Fine ઝીણું Slender.
Spider's web કરોળીઆનું જાળું. A cob-web.
Streaks તાર Threads.
Smilled at તરફ જોઇને હસી. Smiled as she looked at.
Madam બાઇ, બાઈ સાહેબ. A respectful term used when speaking to a lady. mark *sir-madam*.
Weary and worn થાકીને લોથ થઇ ગયો છું Quite tired, exhausted.
May I lay myself down = May I lie down. *May* asks the the wish of the persons addressed.

Shall is used in the same sense, asking the wish of the person addressed, but *may* asks a special permission, You say-*shall* I see you to-morrow. but you say-*may* I enter the class ? *may* I read your letter ?

My limbs are rested મારી થાક ઉતરે I am refreshed.
Surely you may હા, સુખે સૂઓ Yes, you may lie down.
But ફક્ત માત્ર Only.
Wind લપેટવું Roll wrap.
Go on my way મારે રસ્તે ચાલ્યો જઇશ. Walk away.
Replied જુવાબ દીધો L. *re plico I fold*. Answered.
Delightful આનંદદાયક Pleasant.
He was soothed to sleep શાંતિ થવાથી ઉંઘી ગયો. He was lulled to sleep.
By and by ધીમે ધીમે; થોડા વખતમાં In a short while.
Thou ands of હજારો; સેંકડો A great many.

Mark *Hundreds and Thousands* are Indefinite numbers'

Astonsihment આશ્ચર્યતા Great surprise. Amusement.

Dull and hard ઝાંખો; નિસ્તેજ Lustreless.

To his terror જોઇને અચમ્બિત થઈ ગયો Was confounded to see.

Coils ગુચ્છા Rings, rolls.

Making laugh તિરસ્કાર ભરેલું હસવું A scornful laughing.

Ugly બેડોળ કદરૂપી Deformed.

Witch ડાકણ An ughly woman, an old hag

Set him free છુટો કરવાને. To relese.

So is with our habits આપણી ટેવોનું પણ એમજ છે Our habits do the same.

Too strong for us to break = So strong that we cannot break them.

They make up the character of a good man તેમનાથી સારૂ આચરણ બંધાય They form a good character.

LESSON 11.

At the foot તળેટીએ At the base of.

Had been unlucky with his goats પોતાના બકરાના સંબંધમાં ઘણો દુર્ભાગી (કમનસીબ) હતો. As regards his goats he had no good luck.

Fine day ઉઘાડવાળો દહાડો, જે દીવસે વાદળ વરસાદ ન હોય. A sunny day.

Cords = દોરડા Small ropes.

Fear the wolf વરૂથી બીહતા નહીં Were not afraid of wolf. *Fear* is a *trans* verb, as we say they *feared* the wolf, I *fear* him.

Strange behaviour અજબ જેવી રીત. A strong way of acting.

Freedom છુટ Powers to act as they like.

It is of no use એમાં કશો લાભ નથી, It is not useful to me; I am a loser in that.

Dull and miserable here અહીં બકરાંઓને ગોઠતું નથી, તેમને ઠીક લાગતું નથી, They find themselves lonely here, there is nothing here to amuse them.

It might become used ટેવાઇ જાય, હળી જાય. Might get accusto med.

Soft eyes નરમ, Gentle.

Tufted ગુચ્છાદાર.

Shiny ચળકતા Shining.

Curly વાંકા, વાંકદાર Crooked.

Clothed her તેના શરીરને ઢાંક્યું હતું Covered her body.

Cloak ઝબ્બો A long loose coat.

Kicking over લાત મારીને ઉથલાવી નાખવું To upset by giving a kick.

Loving હેતાળ Kind.

Pail તાંબડી, ડોલ, બાલદી A big vessel with a wide mouth.

Enclosed with a wall દીવાલ વડે ઘેરી લીધેલી Having a wall round it.

Loose=Not fastened.

Rough ખડબચડા. બેડોળ, ઘડયા વગરના Not well fashioned

Stake ખુંટો. મેખ A pointed piece of wood driven into the ground.

Giving her plenty of rope લાંબુ દોરડું રાખ્યું Allowed a long rope.

From that moment તે વખતથી. From that time.

Contented સંતોષી Satisfied. L. *con. tenco* I hold.

He was mistaken તે ભુલ્યો He was wrong.

Was delighted ખુશી થયો. Was pleased.
Said to herself પોતાના મનમાં બોલી Spoke within herself.
To be up મથાળે જવું To go to the top.
Wretched દુઃખદાયક Distressing.
Scrape છોલવું છોલી કાહાડવું તાસવું To rub out the skin.
Seemed દેખાવું, Appeared.
Tasteless સ્વાદ વગરનુ Insipid
Pitiful દયાજનક Exciting pity.
Straining ખેંચવું, તાણવું Pulling.
Cord દોરડી. Tether.
Nostrils નસ્કોરા Holes of the nose.
Quivering પોહળા થવા Dilating.
Uttering બોલવુ, Speaking,expressing.
Mournful દીલગીરીભરેલું, Sorrowful.
Too well બરોબર, સ્પષ્ટ Clearly.
Something was the matter બકરીને કાંઇ થયું છે Something was wrong with the goat.
But he did not know પણ તે સમજી શક્યો નહીં Could not understand.

LESSGN 12.

Finished બંધ કીધું Completed, stopped, L. finis an end.
Milking દોહવું Drawing milk.
Listen, સાંભળ Hear.
Am pining પીડાઉછું. ઝુરૂંછું 1 am distressed. Mark- pine. pining; pin· pinning.
Oh dear! અરે પરમેશ્વર અરેરે. Alas !

Amasement આશ્ચર્ય; અચરતી Astonishment.

Letting his lotah fall. તેનાહાથમાંથી લોટા પડી ગયો. The vessel fall from his hands.

He began. તેણે વાત ચલાવી He went talking, he continued.

Whitecoat બકરીનું નામ પાડયું હતું, ધોળીબાઇ.

Do you want to leave me તમે મને છોડી જવા માંગો છો.

Please, here, is a mannerly expression; yes. please, હાજી.

It is not that તેનુ કારણ એ નથી, એને લીધે નહીં It is not on that account.

Room જગ્યા. Space.

Would you like me to see તમારી મરજી છે કે જરી દોરડું લંબાવુ Is it your wish that I should lengthen the rope.

it is not worth the trouble એમાં તસ્દી લેવા જેવું કશું નથી. શ્રમ ના લેશો Don't trouble yourself.

Silly મૂર્ખ Eoolish.

Thing પ્રાણી Creature.

I will butt him with my horns તેના શીંગડા મારીશ, I will strike him with my horns.

With stronger horns વધારે જબરાં શીંગડાવાળી Having horns stronger than yours.

Blackcoat બકરીનું નામ. કાળી બાઇ.

Terrible goat જબરી બકરી. મારકણી બકરી, A bold strong goat.

All one long night આખી રાત The whole night

Poor thing! ગરીબ બિચારી Poor creature.

Poor Blackcoat! બાપડી કાળી.

That makes no difference to me તેથી કાંઇ મારો વિચાર ફરવાનો નથી I won't change my mind.

Oh dear me! અરે ભગવાન!

In spite of yourself મારી મરજી વિરૂદ્ધ Against your will.

For fear રખેને Lest.

Stable તબેલો A shed for horses or cattle.
Gloomy અંધારો Dark.
Bolted the door કમાડ વાસ્યું, બંધ કર્યું Shut the door.
Unluckily દુર્ભાગ્યે, કમનસીબે Unfortunately.
Hardly he turned his back તેણે પીઠ ફેરવી નહિ એટલામાં No sooner had he gone out.
Skipped છલંગ મારી, કુદી ગઇ Jumped.
Excitement ગડબડ Stir and bustle.
Fir trees દેવદારના ઝાડ
Caress રમાડવું, લાડલડાવવા, પ્રીતિથી પંપાળવું To fondle.
To welcome આવકાર દેવો. ભલે પધાર્યા એમ કહેવું To receive with love or honour.
Tips ટોચ, અણી, Tops.

LESSON 13.

Rolled લોટ્યા કરી, ગુલાંટ ખાધી, Wallowed.
With legs in the air પગ ઉંચા કરીને With legs high up.
Stirring up હલાવવાં, રમખાણ મચાવવું Throwing up, moving here and there.
Layers પડ. પડનાપડ Beds.
Twigs ડાંખળીઓ Small branches.
Bound છલંગ A leap.
Was on her feet ઉભી થઇ Stood up.
Hillock ટેકરી A small hill.
Thicket ઝાડી. Brushwood ઝાડવાં Shrubs growing together.
Not a bit જરા પણ નહિ Not the least.
Streams ઝરા Rivulets. Rills.
Splashed છાંટા ઉરાડવા, ભીંજવવું To wet.

Spray ઉડતા છાંટા, વાછંટ Shower of drops.

Dripping ટીપાં પડવાં, તદ્દન ભીંજાઈને All wet.

Stretched herself લાંબી થઈને સુતી Lay at full length.

Valley ખીણ Low ground between hills.

Roch ઉડીને બેસવું, પક્ષીની પેઠે આવીને બેસવું; ઉંચી જગ્યાએ ઉભા રહેવું To light as a bird, to sit or settle as a bird.

Fancied ધાર્યું thought.

Towards noon બપોર થતાં When it was about mid-day.

Greedily eating અકરાંતીઆની પેઠે ખાતાં Eating like gluttons.

Stranger અજાણ્યું પ્રાણી A strange creature.

All atonce એકાએક Suddenly.

Wind blew cold થંડો પવન નિકળ્યો A cold wind began to blow.

Dark shade અંધકાર Darkness.

Crept over પથરાઇ ગયો Slowly spread over.

Is it night already ? શું અત્યારમાં રાત પડી Has night come on so soon.

Mist ધુમર, ધુમસ Watery vapour hanging over the ground.

Tinkling ખણખણાટ Clinking sound.

On their way home ઘર જતાં Going home.

Felt miserable તેને સંતાપ થયો, Felt wretched.

Hawk શકરો; બાજ A bird of prey.

Brushed her પાંખનો ઝપાટો મારી ચાલ્યો. Flapped her.

Shiver કંપારી થવી. Shook. with fear.

Howl બરાડ, હિંસક પ્રાણીની બુમ Cry of a beast of prey.

Across પેલે પારથી From the other side.

A horn શીંગડું, રણશીંગડું A trumpet made of horn.

Remembered યાદ આવ્યું Recollected.

Half wished અર્ધું મન થયું. ઇચ્છા થઇ, Was half inclined.

LESSON 14.

Rustle ખરર, ખરર, સરર, સરર, એવો શબ્દ થવો. Sound of dry leaves, of silken cloth.

Glaring eyes ઘુરકાવતી આંખો. Fierce eyes.

Huge અતિ મોટો Very large.

He was in no hurry તેને ઉતાવળ ન હતી He did not make haste.

Grinned દાંતીયાં કરવાં To snarl.

Wickedly નિર્દયતાથી Cruelly.

Passed ફેરવી.

Velvety નરમ, મખમલ જેવા Soft.

She was lost મારૂ આવી લાગ્યું She was all but gone.

I had better let go. મારો ભક્ષ થવા દઉં તો સારૂ It would be better if I allow the wolf to eat me.

On second thoughts ફરીથી વિચાર કરતાં Tthinking over the matter again.

Stood on guard પોતાનું રક્ષણ કરવા ઉભી Stood ready to defend herself.

Horns struck out શીંગડાં બહાર કહાડીને, શીંગડા સામા ધરીને. Horns pointing at the wolf.

Brave little goat that she was જાતે નિડર બહાદુર હોવાથી. As she was a fearless creature.

Drew near પાસે આવતો ગયો Approached.

To recover breath દમ ખાવાને To rest a while.

Blades of grass ઘાસનું પાતરૂં Thin stalks of grass.

Sweet-scented સુગંધવાળું Perfumed.

All night long આખી રાત The whole night.

Twinkling પ્રકાશતા Shining.

Oh! if I can fight on &c. જો મળસકા સુધી લડી શકું તો કેવું

સારૂં I wish I could fight on till daybreak.
Went out અલોપ થઇ ગયા Disappeared.
Snapped બચકાં ભર્યાં Bit.
Glow અજવાળુ, ઉજાસ. Light.
Pale ઝાંખું Dim.
Hoarse=Husky. Having a rough voice.
Crow મરઘાનું બોલવું, મરઘાની બાંગ, Note of the cock.
Farmyard ખેડુતનું ઘર-વાડો A farmer's cottage.
At last આખર આવી, થઇ ચુક્યું, ચાલો હવે!
Stained with blood લોહીથી લાલ થયલુ, ખરડેલું, Red with blood.

LESSON 15.

What are we going to do to day આજ આપણે શું કરવાનું છે. What is our work to day.
I want you to gather as many leaves મારી મરજી એવી છે કે તમે પાંદડાં એકઠાં કરો I wish that you should gather &c.
Does it matter એમાં કાંઈ અડચણ છે Have you any objection.
Not at all=It does not matter at all.
Pattern નમુનો Sample, Form.
Just a like બધી રીતે સરખાં (રૂપ 'રંગ કદમાં સરખાં) Quite similar.
Match તદન સરખાં નિકળે, Tally, suit.
Stalk દાંડી The main axis, stem.
Puzzled ગુંચવાયો, ગભરાયો Perplexed, did not see how to proceed.
Leaf stalk પાંદડાંનું થડીયું The axis which bears leaves.
Leaflets નાના પાંદડાં Small leaves.
Mark *let* is a diminutive suffix. as streamlet, booklet, rivulet.

Sort છૂટા પાડવા, જાત પ્રમાણે જુદા પાડવા, To divide, classify.
Lots જથ્થા Portions.
That are in a single piece જેઓ છૂટાં એકજ ભાગના બનેલા હોય.
Which consist of one piece or portion.
Plum આલું, જરદાલુ A kind of fruit.
Same stalk એકજ ડાંખળી On the same axis or stem.
Sorting પ્રથક્કરણ, છૂટા પાડવાની ક્રિયા–કામ. Dividing, classifying.
Simple અસંયુક્ત, અમિશ્રિત Not conjunct.
Compound સંયુક્ત, મિશ્રિત Conjunct.
By their shapes આકાર પ્રમાણે According to shapes.
Heart હૃદય. An organ of the body.
Spear ભાલો, ભાલોડું A lance.
Veins નસ, રેષા, પાત્રાંની રગ Lines in a leaf.
Net work જાળ, જાળી કામ Lines crossing one another.
Blade of grass ઘાસની પાંદડી Long spear–like leaf of grass.
Right down the middle બરોબર વચ્ચેથી, મધ્યેથી Exactly through the middle.
In turn વારા ફરતાં One by one.
Side by side with it તેની જોડાજોડ Along side with it.
Branch out ફેલાય છે Spread out.
Breathes શ્વાસ લે છે Takes in air.
Give out બહાર કહાડે છે, Breathe out. Send out.
Get to them તેમને મળે Go close to them.
This is why એજ કારણથી, It is because.

LESSON 16.

Mortar ચો, કોલ Lime and sand mixed with water.
Quarrel કજીયા Angry dispute.

I wonder why કોણ જાણે શા કારણથી I don't know why.
Stuff ચીજ, વસ્તુ. Thing.
Sought શોધી કાઢી. Tried to find.
Rage ગુસ્સો Anger.
Crumble ભુકો થઇને પડવું, ખરી પડવું To fall down as powder.
Knocks પ્રહાર, ઘા, ઠોંસો Blows, strokes.
Clay મટોડી Earth.
Mark *Earth* મટોડી. The earth. પૃથ્વી.
Mould ડોળીયું, બીબું That frame in which clay is put to make bricks.
Burnt તપાવી Heated
To swell with pride ગર્વથી ફુલાવું To put on airs of greatness.
But after all પણ ગમે તે હોય For all that has been said.
Ages ago લાખો વર્ષો પછી After many many years.
Sink ડુબી જવું, તળીએ બેસવું To go to the bottom.
Interrupt અટકાવવું, બોલતા અટકાવવું To stop.
Tiny નાની, બહુજ નાની Very small.
Shells કાચલાં Coverings of snail-like creatures.
At times કોઇ વખતે Some times.
Curious જીજ્ઞાસુ Desirous to know.
Blew us અમારા તરફ લઇ આવ્યો Wafted to us.
Greyish ભુરાશ પડતું Somewhat grey.
Drove right into us છેક અમારી અંદર તે ઓજાર ઠોકી બેસાડયું, હડસેલ્યું, Sent the tool with force into us
Threw us into a heap અમને ફેંકીને ઢગલો કર્યો They flung us a side and made a heap.
Is still too painful to think of તેનો વિચાર કરતાંજ હજી બહુ દુઃખ થાયછે The very idea of it pains me.
With a sob in her voice ડસકાં ખાઇને With a sobbing voice.

For days ઘણા દીવસો સુધી For many days.
Lime ચુનો, છો A white substance used in building.
